જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૦૧/૨૦૨૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૬/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૮૩ વ્યક્તિઓને ઝડપી, ૮૩ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૭ બિયર ટીન, ૫ સ્કુટર, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## નદીમાં પડી જતા ડુબી જતા મૃત્યું :- સમાચાર યાદી નં.૦૮/૨૦૨૪

**રિવરફ્રંટ વેસ્ટઃ** યશ વિનોદભાઈ કંસારા (ઉ.વ.૨૯) (રહે. રામેશ્વર પાર્ક સોસાયટી આવકાર હોલ ઘોડાસર) તા.૦૧/૦૧/૨૦૨૪ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ વોક-વે રેલીંગ પાસે ફોટો પાડતી વખતે પગ લપસી જતા નદીમાં પડી જતા ડુબી જતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ રણછોડભાઈ ચલાવે છે.

## ભુલથી ઝેરી પ્રવાહી પી લેતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૦૯/૨૦૨૪

**ઈસનપુરઃ** જયેશભાઈ અમરસિંગ રાઠોડ (ઉ.વ.૩૮) (રહે. સતાધાર સોસાયટી ઈસનપુર) એ તા.૩૧/૧૨/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની બોટલમાંથી પાણી સમજી ભુલથી ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૨/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦/૨૦૨૪**

**વસ્ત્રાપુરઃ** મધુબહેન મહેન્દ્રભાઇ ચૌહાણ (ઉ.વ.૪૫) (રહે. રામાપીર મંદીર નજીક આંચલ એપાર્ટમેન્ટ સામે બોદકદેવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૪ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને બોડકદેવ ગ્લોબલ લોંગ લાઇફ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભાવિષાબહેન કારાભાઇ ચલાવે છે.

**નારોલઃ** અનન્યા ડો/ઓ બ્રુદાવન પટેલ (ઉ.વ.૧૪) (રહે. નીલકંઠ રેસીડન્સી નંદનવન ફ્લેટની બાજુમાં નારોલ) એ તા.૦૧/૦૧/૨૦૨૪ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

**ઓઢવઃ** ભુમિકા ડો/ઓ સત્યનારાયણ પવાર (ઉ.વ.૨૦) (રહે. મારૂતિ વિહાર સોસાયટી વેરા પાસે અંબિકાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૪ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**વેજલપુરઃ** ફરહાનશા ફારૂકશા અબ્દાલફકીર (ઉ.વ.૧૮) (રહે. અલ-અશાપાર્ક કાઝી મસ્જીદ પાસે નળ સરોવર વસાહત ફતેવાડી) એ બિમારીથી કંટાળી તા.૩૧/૧૨/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરાજસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

**શહેરકોટડાઃ** જીગ્નેશકુમાર મનુભાઈ પંડ્યા (ઉ.વ.૩૦) (રહે. જજા કેહવની ચાલી બોમ્બે હાઉસીંગ સામે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૪ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશભાઇ ખુશાલભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** આદર્શ કેશવંત ઈઝ્વા (ઉ.વ.૨૧) (રહે. પીપળેશ્વર સોસાયટી ચેનપુર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૪ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી